મહત્તમ : ૩૮.૬ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન

રથયાત્રાના પવિત્ર દિવસથી અક્ષરધામ દર્શનાર્થીઓ માટે ફરી ખુલશે

કોરોના મહામારીને કારણે ૯ એપ્રિલથી બંધ હતું : સવારે ૧૦ થી સાંજના ૭.૩૦ સુધી ખુલ્લું રહેશે : અભિષેક-પૂજા બંધ રહેશે પરંતુ વોટર શો નિહાળી શકાશે

ગાંધીનગર, તા.૯

સોમવારે રથયાત્રાનાં પવિત્ર દિવસથી ગાંધીનગરના સુપ્રસિધ્ધ યાત્રાધામ અક્ષરધામ મંદિર દર્શનાર્થીઓ માટે પુનઃ ખુલ્લું મૂકવામાં આવશે. કોરોના મહામારીની ઘાતક બીજી લહેરને પગલે બંધ કરવામાં આવેલું અક્ષરધામ ફરી શરૂ થઈ રહ્યું છે જેના પગલે દર્શનાર્થીઓ અને ભાવિક ભક્તો આ ભવ્ય સાંસ્કૃતિક પરિસરના દર્શન હવેથી કરી શકશે. દર્શનાર્થીઓ અક્ષરધામ પરિસરમાં હાલના સમયપત્રક અનુસાર સવારે ૧૦:૦૦ કલાકથી સાંજના ૭.૩૦ કલાક દરમિયાન પ્રવેશ મેળવી શકશે તેમજ અક્ષરધામ મંદિરના દર્શન, પ્રદર્શન ખંડો, બુકસ્ટોલ, ગેમ્સ, પ્રેમવતી રેસ્ટોરન્ટ અને દરરોજ સાંજે ૭.૪૫ કલાકે યોજાતા વોટરશોને પણ દર્શનાર્થીઓ નિહાળી શકશે. જો કે મંદિરમાં નીલકંઠ અભિષેક પૂજા વિધિ હાલ પૂરતી બંધ રહેશે તેવું અક્ષરધામ મંદિરની અખબારી યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગર અક્ષરધામની મુલાકાત દરમિયાન દર્શનાર્થીઓએ પોતાના અને જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે કોરોના મહામારી અંગેના સરકારના તમામ નિયમો અને માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સમગ્ર પરિસરમાં તેઓએ માસ્ક સતત પહેરી રાખવાનું રહેશે તેમ જ સોશિયલ ડીસ્ટન્સિંગનુ પણ પાલન કરવાનું રહેશે. પરિસરમાં પ્રવેશ મેળવતા પહેલા થર્મલ સ્ક્રીનીંગ અને હેન્ડ સેનિટાઈઝેશન ફરજીયાત રહેશે. સામાન્ય કરતાં વધુ તાપમાન ધરાવતા તેમજ કોવિડ-૧૯ના લક્ષણો ધરાવતા મુલાકાતીઓને પરિસરમાં પ્રવેશ આપવામાં આવશે નહીં. સામાન્ય રીતે સોમવારે અક્ષરધામ બંધ રહેતું હોય છે પરંતુ રથયાત્રાના દિવસે સોમવાર હોવાથી તે દિવસે સોમવારથી અક્ષરધામ શરૂ થશે અને તે દિવસ સિવાયના એટલે કે રથયાત્રા પછીના દર સોમવારે અક્ષરધામ સંકુલ રાબેતા મુજબ બંધ રહેશે.

જન્મદિને વધામણી

નીરમાબેન આશીષકુમાર
રેડક્રોસ, ગાંધીનગર

માહી ઠાકોર
મો. ૯૭૧૨૫૮૩૨૬૩

લીલાવતીબેન કે ચાવડા
મો. ૯૭૨૫૦ ૦૪૮૫૩

મહેન્દ્ર એમ ભટ્ટ
મો. ૯૩૨૭૦ ૨૦૨૨૯

હેતાર્થ પરીમલ પટેલ

પટેલ રસીલાબેન ચંદ્રકાન્ત
મો. ૯૪૨૮૯ ૯૮૪૪૬

મહાનગરના ભાજપા પ્રમુખ ઋચિર ભટ્ટે તેમના જન્મદિવસની ઉજવણી ક્રિષ્ના વૃદ્ધાશ્રમ સે-૧૭ ખાતે વડીલો સાથે તેમજ સ્પેશિયલ ચિલ્ડ્રન હોમ, સે-૧૯ ખાતે બાળકો સાથે સમય વીતાવીને કરી હતી તેમજ વડીલો અને બાળકો માટે બપોરના ભોજનની પણ સુંદર વ્યવસ્થા તેઓશ્રી દ્વારા કરવામાં આવી હતી.

ગાંધીનગર આઈ.ટી.આઈ. ખાતે પ્રવેશ મેળવવા જોગ

ગાંધીનગર, તા.૯

ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગાંધીનગર (મહિલા) ખાતે હાલમાં એડમિશન-૨૦૨૧ પ્રક્રિયાની શરૂ થઈ છે. આઈ.ટી.આઈ ખાતે મહિલાઓને લગતાં કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ(કોપા), કોસ્મેટોલોજી (બ્યુટી પાર્લર), હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર, સુઈંગ ટેક્નોલોજી, ફેશન ડિઝાઈન એન્ડ ટેકનોલોજી, એમ.એલ.ટી. ટેક્નોલોજીસ્ટ ટ્રેડમાં વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે. જેમાં ૮ પાસ, ૧૦ પાસ તેમજ બી.એસસી. કરેલ ઉમેદવારોને મેરિટના આધારે પ્રવેશ આપવામાં આવે છે. દરેક ટ્રેડમાં ફાઈનલ પરીક્ષા પાસ કરનાર તાલીમાર્થીઓને આપવામાં આવતું એન.સી.વી.ટી./જી.સી.વી.ટી. નું પ્રમાણપત્ર છે જે ભારતભરમાં નામાંકિત કંપનીઓમાં રોજગારી તેમજ સ્વરોજગારી માટે ઉપયોગી છે. હાલ આઈ.ટી.આઈ ખાતે દરેક ટ્રેડમાં અદ્યતન મશીનરી, ઈક્વિપમેન્ટ, હેન્ડ ટુલ્સ અને અનુભવી તજજ્ઞ ઈન્સ્ટ્રક્ટરો દ્વારા તાલીમ આપવામાં આવે છે. સંસ્થા ખાતેથી સફળતા પૂર્વક તાલીમ મેળવેલા તાલીમાર્થીઓને નામાંકિત કંપનીઓમાં પ્લેસમેંટ(નોકરી), એપ્રેન્ટિસશીપ તેમજ સ્વરોજગારીની તકો ઉપલબ્ધ થાય છે. આઈ.ટી.આઈ ખાતે અભ્યાસ કરતાં તાલીમાર્થીઓને સરકારી નિયમો મુજબ સ્કોલરશીપ, બસ કન્સેશન પાસ, સાઈકલ જેવી વિવિધ યોજનાઓનો લાભ મળવાપાત્ર રહેશે. વધુ માહિતી માટે સંસ્થા ખાતે રૂબરૂ મુલાકાત લેવા જણાવાયું છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ શેડો ડ્રોઈંગ, રેતી ડિઝાઈન અને માટીના રમકડાં બનાવવાની પ્રવૃતિમાં ઉત્સાહભેર ભાગ લીધો. વાલીઓએ પણ આ કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

ધોળાકુવા પાસેથી રૂ.૯૮ હજારથી વધુનો ગાંજાનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેર નજીક શાહપુર સર્કલ થી ગીફટસીટી તરફ જવાના માર્ગ પર ગાંજાનો જથ્થો ઝડપાયો છે. સીઆઈડી ક્રાઈમ નાર્કોટીક સેલની ટીમ દ્વારા અલ્ટો કારમાં લઈ જવાતો ૯ કિલોથી વધુના ગાંજાના જથ્થા સહિત આરોપીને પકડી પાડ્યો હતો. શહેર પાસેથી આટલી મોટીમાત્રામાં ગાંજો ઝડપાતા ચકચાર મચી જવા પામી હતી. પોલીસે ગાંજો, કાર, મોબાઈલ, રોકડ મળી કુલ રૂ.૩,૦૯,૭૬૦નો મુદ્દામાલ કબ્જે કરી એનડીપીએસ એકટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ શહેરનું યુવાધન નશાખોરી તરફ આગળ વધી રહ્યું હોય તેવું લાગી રહ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગર શહેર તેમજ આસપાસના વિસ્તારમાં ગાંજો વેચાતો હોવાની વ્યાપક ફરીયાદો પણ ઉઠવા પામી હતી.ત્યારે પોલીસ મહાનિરીક્ષક (ક્રાઈમ-૧) સીઆઈડી ક્રાઈમ અને રેલ્વેઝ ગુજરાત ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ નાર્કોટીક સેલ સીઆઈડી ક્રાઈમ દ્વારા દરોડો પાડી ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસ ટીમે ગતરોજ બપોરના સુમારે શાહપુર સર્કલ થી ગીફટસીટી તરફ જતા માર્ગ પર અલ્ટો કારમાં ગાંજાનો જથ્થો લઈને જઈ રહેલા શાહપુર ગામના અશોક ડાહ્યાભાઈ પટેલને ઝડપી પાડ્યા હતા. પોલીસે કારમાં તપાસ કરતા ગાંજાનો જથ્થો ૯.૮૭૬ કિલો ગ્રામ કિં.રૂ. ૯૮,૭૬૦, અલ્ટો ગાડી કિં.રૂ.૨ લાખ, રોકડ રમક રૂ.૧ હજાર, વીવો મોબાઈલ કિં.૧૦ હજાર મળી કુલ રૂ.૩,૦૯,૭૬૦નો મુદ્દામાલ કબ્જે કરી ઈન્ફોસીટી પોલીસ મથકે ગુનો નોંધાવી આગળની તપાસ હાથ ધરી છે. શાહપુર ગામનો આરોપી અશોક પટેલ હાલ જામીન પર છુટ્યો છે અને ગાંજા સાથે ઝડપાયો છે.

નવા સેક્ટરોમાં નીકળતી બાળ રથયાત્રા સતત બીજા વર્ષે મોકૂફ

ગાંધીનગર, તા.૯

આગામી સોમવારે પવિત્ર અષાઢી બીજના તહેવાર નિમિત્તે શહેરમાં ભગવાન જગન્નાથજીની ૩૭મી રથયાત્રા નીકળશે. જોકે આ સાથે શહેરમાં છેલ્લા ત્રણ વર્ષથી નવા સેક્ટરોમાં નીકળતી પ્રેરણા ભગવાન જગન્નાથજીની બાળ રથયાત્રા કોરોના મહામારીના કારણે આ વર્ષે પણ મોકુફ રાખવામાં આવી છે. પ્રેરણા રથયાત્રા સમિતીની મળેલ બેઠકમાં નક્કી થયા પ્રમાણે ધર્માધ્યક્ષ કનૈયાલાલ પંડ્યા, ઉપાધ્યક્ષ કેસરીસિંહ બિહોલા, મંત્રી પ્રદિપસિંહ બિહોલા, જનસંપર્ક મહામંત્રી હિમાંશુ ભચેચ દ્વારા અખબાર યાદીમાં જણાવાયું છે કે છેલ્લા ત્રણ વર્ષથી નવા સેક્ટરોમાં નવા કોન્સેપ્ટ સાથે બાળકોની પ્રેરણા રથયાત્રા શરૂ કરવામાં આવી છે પરંતુ ગત વર્ષે કોરોના મહામારીને કારણે આ રથયાત્રા મોકુફ રાખવામાં આવી હતી. આ વર્ષે પણ કોરોના મહામારીની સંભવિત ત્રીજી લહેરના કારણે બાળ રથયાત્રા મોકુફ રાખવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે કોરોના મહામારીની ત્રીજી લહેર બાળકોને વધુ અસર કરશે તેવું નિષ્ણાંતો દ્વારા અવારનવાર જાહેર કરવામાં આવી ચુક્યું છે ત્યારે પ્રવર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને શહેરનાં બાળકો સહિત જાહેર સ્વાસ્થ્યને અનુલક્ષીને બાળરથયાત્રા મોકૂફ રાખવાનો આવકારદાયક નિર્ણય લેવાયો છે.

વરિષ્ઠ નાગરિકોને ઘરઆંગણે સેવા આપવા એસબીઆઈની તૈયારી

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરના વરિષ્ઠ નાગરિકો સાથે આજે સ્ટેટ બેંકના અધિકારીઓની એક બેઠક યોજાઈ હતી જેમાં વડીલો માટે અગત્યના નડતરરૂપ પ્રશ્નોની છણાવટ કરવા સાથે તેમને ઘરઆંગણે સેવાઓ પૂરી પાડવાની સુવિધા ઉપલબ્ધ કરાવવા સહિત વિવિધ રજૂઆતોને આવરી લેવામાં આવી હતી. આ બેઠક દરમિયાન બેંકના અધિકારીઓએ શહેરના વરિષ્ઠ નાગરિકોને પડતી મુશ્કેલીઓ અંગે રજુઆતો સાંભળી હતી અને તેમને ઘરઆંગણે સેવાઓ આપવાની બેંકની તૈયારી હોવાનું જણાવ્યું હતું.

વરિષ્ઠ નાગરિકો વતી કરવામાં આવેલી રજૂઆતોમાં બેંકમાં વડીલો માટે અલગ કાઉન્ટર રાખવાં, કેવાયસી માટે ઘરે બેઠા સેવા આપવી, રોકાણકર્તા નાગરિકોના રોકાણનો સમય પૂરો થયે આપોઆપ રીન્યુ ડિપોઝિટ કરવાની સુવિધા ઉપરાંત પેન્શનરોને કેન્દ્ર સરકારની સુચના મુજબ પેન્શન સ્લીપ પહોચાડવા, વારંવાર કેવાયસી માંગવાની પ્રથામાંથી મુક્તિ આપવા, ડિજિટલાઈઝેશન માટે વરિષ્ઠોને તાલીમ આપવાની સુવિધા ઉભી કરવા, ઓટોમેટિક એટીએમ કેન્દ્રોની સુવિધા સહિત એટીએમ પૂરતી કેશની વ્યવસ્થા કરવા તેમજ વારસદાર બુકમાં નામ દાખલ કરવા સહિતની રજુઆતો કરવામાં આવી હતી જે અંગે બેંક અધિકારીઓ દ્વારા સંતોષકારક ઉત્તરો આપવામાં આવ્યાં હતાં. બેંક વતી એજીએમ રાજેશ ગર્ગ, જનરલ મેનેજર જીગરભાઈ અને ડેપ્યુટી મેનેજર રંજન ઝા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગાંધીનગર શહેર વસાહત ના સહકારથી યોજાયેલ આ બેઠકમાં મોટી સંખ્યામાં શહેરના વરિષ્ઠ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા જેમાં પ્રમુખ અરુણ બુચ ઉપરાંત અશોક રીડાણી, જયરામભાઈ સોની, ભાનુભાઈ પુરાણી, રાજેન્દ્ર પારેખ, સુમંતભાઈ શાહ, ભુપતભાઈ ભૂતિયા, હસમુખ ઠાકર, ડો.ટીબી પટેલ, મહેન્દ્ર ચૌહાણ, દશરથભાઈ પરમાર સહિત વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ પણ જોડાયાં હતાં.

અમદાવાદ રેડક્રોસના દિવંગત સેવાભાવી ચેરમેન સ્વ.કિરણ ચુડગરને ગાંધીનગર જિલ્લા શાખાની શ્રધ્ધાંજલી

ગાંધીનગર, તા.૮

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા અમદાવાદ રેડક્રોસના ચેરમેન કિરણભાઈ ચુડગરના દુઃખદ અવસાનને પગલે શોકની લાગણી વ્યકત કરવામાં આવી છે. ગાંધીનગર જિલ્લા ચેરમેન જીલુભા ધાંધલ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે કે સેવાભાવી અને તમામ પ્રત્યે સ્નેહ ભાવ રાખતા રેડક્રોસના સંનિષ્ઠ સેવક સમાન કિરણભાઈ ચુડગરના અવસાનથી સમગ્ર ગુજરાત રાજ્યના રેડક્રોસ પરિવારને ક્યારેય ન પૂરાય તેવી ખોટ પડવા પામી છે.

સ્વ.કિરણભાઈ ચુડગરે રેડક્રોસના માધ્યમથી સમાજની ખુબ મોટી સેવા કરી છે. તેમની આગેવાની હેઠળ અમદાવાદ રેડક્રોસ દ્વારા ગત વર્ષે ૬૦ હજાર યુનિટ્સ રક્ત એકત્ર કરી બેસ્ટ બ્લડ બેંકનું બિરૂદ પ્રાપ્ત કર્યુ હતું તેમજ રૂ.૫૦ લાખનું પારિતોષિક પણ મેળવ્યું હતું. દિવંગતે રેડક્રોસ ઉપરાંત પણ અન્ય માધ્યમોથી પન પુષ્કળ માનવતા ભર્યા કાર્યો કર્યા છે જે કાયમ માટે યાદ રહેશે. આ દુઃખની ઘડીએ તેમના શોકમગ્ન પરિવારને આઘાત સહન કરવાની હિંમત મળે તેવી ગાંધીનગર જીલ્લા રેડક્રોસ પરિવારના તમામ સભ્યો દ્વારા પરમ કૃપાળુ પરમાત્મા સમક્ષ હૃદયપૂર્વકની પ્રાર્થના સાથે સ્વર્ગસ્થને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી છે.

સે-૨ના સિનિયર સિટીઝન દ્વારા સેવાકાર્ય

સિનિયર સિટીઝન દ્વારા સે-૧ના છાપરામાં રહેતા અત્યંત જરૂરીયાતમંદ બાળકોને નોટબુકો, માસ્ક, બિસ્કીટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકાર્ય સે-૨ના સિનિયર સિટીઝન્સ એમ.આર. શાહ, કરણસિંહ વાઘેલા, મેણાતભાઈ, પ્રમોદભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું જેમણે અગાઉ પણ બાળકો માટે ઉમદા કાર્યો કરેલા છે. આ શુભકાર્યમાં એમ.આર. શાહ અને કરણ વાઘેલા ઉદાર હાથે ફાળો આપીને સહભાગી થયા હતા.

સિવિલ હોસ્પિટલ સ્ટાફનો રેડક્રોસ આભાર માને છે

ગાંધીનગર, તા.૯

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગાંધીનગરના ૨૦ જેટલા હેલ્થકેર એટેન્ડન્ટ છેલ્લા ૩ માસથી સિવિલ હોસ્પિટલ ખાતે સેવાઓ આપતા હતા અને શીફટ પ્રમાણે દર્દીઓની દેખભાળ રાખતા હતા. સખત કપરા સમયમાં પણ તેઓએ અડગ રહી સેવા બજાવી હતી. રેડક્રોસની સેવાઓથી દર્દીઓના સંતોષ તેના જ શબ્દોમાં સાંભળીએ ત્યારે માનવતા ઉપર ગૌરવ થાય છે. હોસ્પિટલના દરેક અધિકારીઓ, ડોકટર્સ અને નર્સીંગ સ્ટાફે આ ટીમને પોતાના સ્વજનોની જેમ સાચવ્યા હતા તે બદલ રેડક્રોસ ગાંધીનગરના ચેરમેન જીલુભા ધાંધલ અને ટીમ લીડર નિલેન્દુભાઈ વોરાએ આભાર વ્યકત કર્યો છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પાઠક પુષ્પકરાય જટાશંકર,** ઉ.વ. ૯૨, સે-૨૨
- **ખાંટ મુકેશભાઈ બળદેવજી,** ઉ.વ. ૪૦, બોરીજ
- **સોલંકી ભવાનજી શિવાજી,** ઉ.વ. ૭૪, ઓતાજીના મુવાડા, ડભોડા
- **ગુરખા ભરતસીંગ દલબહાદુર ,** ઉ.વ. ૩૪, સેકટર-૧૭
- **સ્વ. પટેલ નિરજકુમાર મનુભાઈ,** ઉ.વ. ૩૦, સરગાસણ

વાવોલમાં બંધ સ્ટ્રીટલાઈટોના કારણે અંધકારનું સામ્રાજય..!!

ગામ તથા સોસાયટી વિસ્તારની મળીને અંદાજે ૫૦થી વધુ સ્ટ્રીટ લાઈટો બંધ : છેલ્લા કેટલાંક મહિનાથી પરેશાની ભોગવી રહેલા વાવોલવાસીઓ : ચોમાસું બેસી જાય તે પહેલા સ્ટ્રીટલાઈટો ચાલુ થાય તેવી પ્રજામાં માંગ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર મહાનગરપાલિકામાં ૧૮ ગામોનો સમાવેશ કર્યાને છ માસથી વધુનો સમય વીતવા આવ્યો છતાં હજુ પણ આ સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પાયાની સુવિધાઓ જેવી કે રોડ રસ્તા, વિજળી, પાણી વગેરે જેવી બાબતે કોઈ નોંધપાત્ર સુધારો જોવા નથી મળતો અને બીજી તરફ ગ્રામ પંચાયતોને વિખેરી નાંખવામાં આવી હોવાથી આ ગ્રામ્ય વિસ્તારની જનતા માટે તો હાલ 'બાવાના બેય બગડયાં' જેવી સ્થિતિ સર્જાવા પામી છે. ગાંધીનગરના વાવોલ ગામે છેલ્લાં કેટલાંક મહિનાથી ગામની અંદરના વિસ્તારની આશરે ૫૦થી વધુ સ્ટ્રીટ લાઈટો બંધ હોવાને કારણે ગ્રામજનોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

વાવોલ ગામ ઉપરાંત કેટલીક સોસાયટી વિસ્તારની સ્ટ્રીટલાઈટો પણ બંધ હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

એક તરફ ચોમાસાની ઋતુ માથે આવીને ઉભી છે અને વરસાદ આજ પડે કે કાલ પડે તેવી ઘડીઓ ગણાઈ રહી છે. આ સ્થિતિમાં વાવોલ ગામની શેરીઓમાં લાંબા સમયથી બંધ ૫૦થી વધુ સ્ટ્રીટલાઈટોના કારણે ગ્રામજનો વધુ મુશ્કેલીમાં મુકાઈ શકે તેમ છે કેમ કે એકવાર ચોમાસું બેસી જશે તો ગામના અનેક નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સર્જાય છે. જે રાત્રીના સમયે સ્ટ્રીટલાઈટના અભાવે પ્રસરતા ઘોર અંધકારમાં કોઈ પણ રાહદારી કે વાહનચાલક માટે અકસ્માતનું કારણ બની શકે છે. અત્યારે હજુ સુધી વરસાદ શરૂ થયો નથી ત્યારે પણ સાંજ પછીના સમયે ખાસ કરીને વડીલ ગ્રામજનો માટે ગામમાંથી પસાર થવું મુશ્કેલ બની રહ્યું છે. કેટલાંક વિસ્તારમાં તો હારબંધ સ્ટ્રીટલાઈટો બંધ હોવાને કારણે અંધકારનું સામ્રાજય છવાઈ જાય છે. આ સ્થિતિ અંગે ગ્રામજનો પંચાયત કચેરીએ તેમજ હાલ મનપાની ચુંટણીઓમાં ઝંપલાવી ચુકેલા રાજકીય પક્ષોના ઉમેદવારો સમક્ષ પોતાની વ્યથા ઠાલવી ચુકયા છે. ચોમાસું બેસી જાય તે પહેલા વાવોલ ગામની સ્ટ્રીટલાઈટોને રીપેર કરીને ચાલુ કરી દેવામાં આવે તેવી ગ્રામજનોમાં માંગણી પ્રવર્તી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપના વોર્ડ નં.૭ના અગ્રણી ઉમેદવાર દ્વારા બંધ સ્ટ્રીટલાઈટો અંગે સર્વે પણ હાથ ધરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

જેએમપી ગોપાલક વિદ્યાલયમાં ઓનલાઈન રોકેટ બનાવતા શીખવ્યું

ગાંધીનગર, તા.૯

જેએમપી ગોપાલક વિદ્યાલય અને નિસર્ગ સાયન્સ સેન્ટર ગાંધીનગરના સંયુકત ઉપકમે શાળાના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજી વિષય અંતર્ગત 'મેક એન્ડ ફલાય યોર ઓન રોકેટ' વિષય ઉપર રોકેટ બનાવતા અને તે કેવી રીતે ઉડાડી શકાય તે શીખવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને ઝૂમ લીંક દ્વારા ઓનલાઈન માધ્યમથી રાખ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને નિસર્ગ સાયન્સ સેન્ટરના તજજ્ઞ હાર્દિકભાઈ મકવાણા દ્વારા સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય મનિષભાઈ ખત્રી અને મેનેજમેન્ટ ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.